# સાવ કોરું છે બધું વરસાદમાં, એક જણ ભીંજાય છે બસ યાદમાં!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

સુરતની ધ્રુવપાર્ક સોસાયટીના ટેનામેન્ટ નંબર ૨૦૩માં પલંગ પર આડા પડેલાં રેખાબહેનને આજે ઊંઘ નહોતી આવતી. રાતના લગભગ સાડા દસ વાગ્યે આરવ આવ્યો. આવીને એણે રસોડામાં નજર નાખી પણ મમ્મી દેખાઈ નહીં એટલે એ એની રૂમમાં કપડાં બદલવા ગયો. કપડાં બદલીને બહાર આવીને એણે મમ્મીના રૂમમાં નજર નાખી. પલંગમાં આડી પડેલી મમ્મી આજે એને અસ્વસ્થ દેખાઈ.

"મમ્મી," એણે રૂમમાં આવીને રેખાબહેનના માથે હાથ ફેરવતાં પૂછ્યું, ''કેમ, આજે તારી તબિયત બરાબર નથી કે શું?"

"ઠીક છે બેટા," રેખાબહેન બોલ્યાં, "આ તો સાંજના બાજુવાળા મીનાબહેન ભરૂચની સીંગ આપી ગયા હતા એ ખાધી, એટલે ગેસ જેવું લાગે છે. તું જમી લે શાંતિથી."

"તેં ખાધું મમ્મી?" આરવે પૂછ્યું.

"મને ભૂખ નથી દીકરા," રેખાબહેન બોલ્યાં, "પછી ભૂખ લાગશે તો ખાઈ લઈશ."

આરવ રસોડામાં જઈને થાળી લઈ આવ્યો ને એણે જમવાનું શરૂ કરી દીધું. જો કે એણે મમ્મીના કપાળ પર પરસેવો જોયો હતો એટલે એને થોડી ચિંતા તો થઈ જ હતી. જમીને મમ્મીનું બી.પી. ચેક કરવાનું એણે નક્કી કર્યું.

એ જમતો હતો ત્યાં જ એના મોબાઈલની રીંગ વાગી. હોસ્પિટલમાંથી ફોન હતો.

''સર," પર્સનલ ક્લાર્ક સામા છેડેથી બોલ્યો, "પેલા હરિકાકાને જમવાનું આપવાનું છે?"

"ક્યા હરિકાકા?" આરવે પૂછી લીધું.

"પેલા સ્પે.રૂમ નં.૪વાળા, લિવર ટ્રાન્સપ્લાન્ટ કરવાનું છે એ."ક્લાર્કે કહ્યું.

"અરે," આરવે ચીડથી કહ્યું, "બધું નક્કી કરીને મેટ્રનને ફાઈલ તો આપી હોય છે છતાં મને ફોન કરો છો? એમને જમવાનું આપજો. હજી ક્યાં કેડેવરમાં લિવર મળ્યું છે?"

"સોરી સર,"ક્લાર્કે ફોન બંધ કરતાં કહ્યું, "ગુડ નાઈટ" જમીને આરવ પોતાના રૂમમાં ગયો. બી.પી. માપવાનું મશીન લઈને એ મમ્મીના રૂમમાં ગયો.

રેખાબહેન અડધી ઊંઘમાં હતાં. આરવે ધીમેથી એમના હાથમાં બી.પી. મશીનનો પટ્ટો પહેરાવી દીધો. મશીન ચાલુ થયું. ઉપરનું બી.પી. થોડું વધારે હતું પણ ચિંતાજનક નહોતું એટલે આરવને શાંતિ થઈ.

"મમ્મી,"આરવે ધીમેથી પૂછ્યું, "છાતીમાં કે હાથમાં દુખે છે?"

"ના, એવું કૈં નથી," રેખાબહેને કહ્યું, "હા, ડાબા હાથમાં થોડું દુખે છે, પણ એ તો આખા દિવસના કામના લીધે પણ દુખતું હોય, તું ચિંતા ન કર."

"સારું મમ્મી," આરવે ઊભા થતાં કહ્યું, "હું સૂવા જાઉં છું. આજે પણ ચાર ઓપરેશન હતાં એટલે થાક લાગ્યો છે. તને કંઈ તકલીફ લાગે તો મને તરત જ ફોન કરીને બોલાવી લેજે. જો કે, હું થોડી વારે તારા રૂમમાં આંટો મારતો જ રહીશ."

"સારું બેટા," રેખાબહેને કહ્યું, "જા, અને બહુ ચિંતા ન કરતો મારી."

મમ્મીએ કહ્યું તો ખરું પણ આરવ ચિંતા કર્યા વિના રહી ન શક્યો. અડધા કલાક પછી એણે ફરી મમ્મીના રૂમમાં જઈને બી.પી. માપ્યું. અગાઉ હતું એટલું જ હતું. જો કે કપાળ પર પરસેવો, એ.સી. ચાલુ હોવા છતાં દેખાતો હતો.

પોતાના રૂમમાં જઈને આરવ પોતાની હોસ્પિટલના વિચારમાં પડ્યો. ત્રણ માળની પચીસ બેડની પોતાની 'સ્પંદન' હોસ્પિટલ લાલ દરવાજા પાસે જ હતી ને આજે પંદર દર્દીઓ દાખલ હતા.

કુલ પાંચ ડૉક્ટરોની ટીમ કાર્યરત હતી. કીડની અને લીવર ટ્રાન્સપ્લાન્ટ માટેની સગવડ માટે તો પોતે કેટલી મહેનત કરી હતી એ આરવને યાદ આવ્યું પણ સુરતવાસીઓ માટે એની હોસ્પિટલ આ બધી સગવડના લીધે આશીર્વાદ સમી બની રહી હતી.

એણે છત તરફ નજર માંડી. પોતે સાવ નાનો હતો ત્યારે જ પપ્પાનું અવસાન થયેલું ને મમ્મીએ જ આજુબાજુના લોકોના કામ કરીને એને ભણાવ્યો ને ડૉક્ટર બનાવ્યો. એ જ મમ્મીના કપાળે આજે પરસેવો જોઈને આરવને થયું-પોતાના ઉછેર માટે પણ મમ્મીએ કેટલો પરસેવો વહાવ્યો હશે ત્યારે પોતે ડૉક્ટર બન્યો હશે! ફરી એ મમ્મીના રૂમમાં ગયો. એ વખતે રેખાબહેન ભર ઊંઘમાં હતાં, એટલે બી.પી. માપ્યા વિના જ એ પાછો આવ્યો. વહેલી પરોઢે રેખાબહેનની ઊંઘ ઊડી ગઈ. એમને છાતીમાં દુખાવો વધ્યો હોય એવું લાગ્યું. ડાબા હાથમાં પણ દુખાવો હતો. એમણે આરવને બોલાવવાનો વિચાર કર્યો પણ પછી એમને થયું કે, બિચારો માંડ સૂતો હશે. મને કંઈ થવાનું નથી ને જે થવાનું છે એ તો એ આવશે તો પણ થઈને જ રહેશે.



**આમાં મારા મુંબઈના બંગલાનો દસ્તાવેજ છે ને મેં સહી કરીને આ હોસ્પિટલને એ બંગલો આપવાનું લખ્યું છે. એની સાથે પચાસ લાખ રૂપિયાનો ચેક પણ આ હોસ્પિટલ માટે લખીને આમાં મૂક્યો છે. મને કૈં થાય, તો એનો ઉપયોગ સારા કામ માટે કરજો**

એમણે છત તરફ નજર ટેકવી ને ભૂતકાળનાં દ્રશ્યો સજીવ થઈને છત પર ડોકિયા કરવા લાગ્યાં.

બાવળા ગામમાં કોલેજ નહોતી એટલે અમદાવાદ અપ-ડાઉન કરવું પડતું એ એને યાદ આવ્યું અને એ અપ-ડાઉનના લીધે એ હરિના પરિચયમાં આવી. પહેલી જ વખત હરિએ એની સામે સ્મિત ફેંકેલું, ને પોતે પણ એનો જવાબ સ્મિતથી જ આપેલો એ પણ એને યાદ આવ્યું.

"તારું નામ તો રેખા છે ને?" હરિએ એ વખતે પૂછેલું.

"હા," પોતે હસીને કહેલું, "અને તારું નામ તો હરિ છે ને?" "યસ,"હરિએ કહેલું, "હું કણબીવાડમાં રામજી પટેલનો છોકરો છું. તું?"

હું પટેલવાસમાં રહું છું.," પોતે કહેલું, "હું ધરમશી પટેલની દીકરી."

એ તો થઈ પરિચયની વાત પણ બન્ને એક જ બસમાં રોજ અમદાવાદ આવતાં ને જતાં એટલે પરિચયની કૂંપળને સંબંધનો છોડ બનવામાં વાર ન લાગી.

બીજા વરસે તો પોતે હરિના ગાઢ પરિચયમાં આવી. એ પરિચયને આપણે પ્રેમ કહી શકીએ. ફરી ભૂતકાળના ટ્રેક પરથી ગાડી વર્તમાનના ટ્રેક પર આવી ગઈ. રેખાબહેનને તરસ લાગી હતી પણ ઊભા થઈને પાણી પીવાની એમની હિંમત નહોતી એટલે એ તરસ્યા જ રહ્યાં ને ફરી છત તરફ નજર ટેકવી.

કોલેજના છેલ્લા વરસમાં માઉન્ટ આબુનો પ્રવાસ ગોઠવાએલો. પોતે એમાં જોડાએલી ને હરિ પણ હતો. પોતાના રૂમમાંથી પહેલી રાત્રે બધા નખી તળાવ ફરવા ગયેલા પણ પોતે જવાનું ટાળેલું ને થોડી વારે જ હરિ રૂમમાં આવેલો. એ આવીને પોતાને વળગી પડેલો. પછી એણે અંદરથી બારણું બંધ કરેલું ને એ પછી તો બે જુવાન હૈયાં સાથે જે બનવાનું હતું એ બની ગયું. હરિ તો પછી તરત જ રૂમમાંથી નીકળી ગયેલો.

આબુથી પાછાં આવ્યાં એના પંદર દિવસ પછી હરિ બસમાં ઉદાસ થઈને બેઠો હતો.

''કેમ આજે ઉદાસ છે હરિ?" પોતે પૂછેલું.

"રેખા," હરિએ કહેલું, "મારે મુંબઈ જવું પડશે. પિતાજીનો હુકમ છે. ત્યાં એક નવી દુકાન લીધી છે, એમાં હાર્ડવેરનો ધંધો મારે સંભાળવાનો છે. આજે રાત્રે જ મારે જવું પડશે, હું તને આ વાત કરવા જ બસમાં આવ્યો છું પણ હું થોડા સમય પછી પાછો આવીશ અને આપણે લગ્ન કરી લઈશું. હું તને વચન આપું છું કે તારા સિવાય હું બીજા કોઈ સાથે લગ્ન નહીં કરું."

"હરિ," પોતે આંખમાં ઝળઝળિયાં સાથે કહેલું, "હું એકલી શું કરીશ અહીં? તું જલ્દી જલ્દી પાછો આવજે. હું પણ તારા સિવાય બીજા કોઈ સાથે લગ્ન નહીં કરું."

"હું ચોક્કસ પાછો આવીશ," હરિએ કહેલું.

બીજા મહિને પોતાને ખ્યાલ આવી ગયેલો કે, પોતે માસિકધર્મમાં બેઠી નથી, એટલે કૈંક અજુગતું લાગે છે. એ સાંજના હરિ મુંબઈ જવા રવાના થઈ ગયેલો. એ વખતે પોતે હરિની રાહ જોએલી પણ હરિ એ મહિને તો ન આવ્યો, ને ત્રીજા મહિને પણ ન આવ્યો. પાંચ મહિના પોતે સંતાનને વેંઢાર્યે રાખ્યું ને કોઈનેય જાણ ન થવા દીધી.

પોતાને ખ્યાલ હતો કે, આ સંતાન પોતાનું ને હરિનું છે ને એને જન્મ આપવો જ છે. જો ઘેર રહેશે તો આખા ગામમાં હો-હા થઈ જશે ને ઘરની આબરૂ જશે એટલે પોતે પાંચમા મહિને સાંજના ઘર છોડીને નીકળી ગયેલી, ને સુરતમાં એક શેરીમાં નાનકડું ઘર ભાડે રાખીને આજુબાજુના ઘરના કામકાજ કરવાનું શરૂ કરી દીધેલું. હવે પોતાને બે પેટ ભરવાનાં હતાં.

નવમા મહિને આરવને જન્મ આપ્યા પછી પણ કામ કરવાનું તો ચાલુ જ રહ્યું, કેમ કે જેમતેમ કરીને આરવને પોતે મોટો કર્યો, એના પપ્પા અવસાન પામ્યા છે એવી વાત એના ગળે ઉતારી. એને ભણાવ્યો ને ડૉક્ટર બનાવ્યો પછી ધ્રુવપાર્ક સોસાયટીમાં મોટું ઘર થયું અને પૈસાની રેલમછેલ પણ થઈ.

અચાનક રેખાબહેનને લાગ્યું કે, છાતીમાં દુખાવો હવે અસહ્ય બનતો જાય છે. એમણે આરવને મોબાઈલ પર વાત કરી ને બીજી જ મિનિટે આરવ દોડતો આવ્યો. એણે માત્ર મમ્મીના ચહેરા સામે જોયું અને એને અત્યારે બી.પી. માપવાની પણ જરૂર ન પડી. એણે હોસ્પિટલ પર ફોન કરીને તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી લીધી.

દસેક મિનિટમાં એમ્બ્યુલન્સ આવી ગઈ. સાથે બે ડૉક્ટર અને એક નર્સ ને એક વોર્ડબોય પણ હતો.

રેખાબહેન અડધા કલાકમાં તો સ્પંદન હોસ્પિટલના આઈ.સી.યુ.માં ગોઠવાઈ ગયાં.

આરવ એમની પાસે જ રહ્યો.

લગભગ અડધા કલાક પછી રેખાબહેને આંખો ખોલી અને આરવને પોતાની નજીક બોલાવ્યો.

"આરવ," એમણે કહ્યું, "જિંદગી આખી જે વાત તને નથી કરી, એ મારે તને કહેવી છે."

"મમ્મી," આરવે કહ્યું, "અત્યારે બહુ બોલશો નહીં, સાજા થઈ જાવ પછી જે વાત કહેવી હોય એ કહેજો."

"બેટા," રેખાબહેન બોલ્યાં, "આ વાત મહત્ત્વની છે. હું કદાચ સાજી ન પણ થાઉં. મારે દિલ પર બોજો રાખીને નથી જવું."

આટલું કહીને એમણે ધીમે ધીમે પોતાની અને હરિની બધી જ વાત આરવને કરી. વાાત પૂરી થઈ ને રેખાબહેનના શ્વાસ પણ પૂરા થયા! આરવ જોતો રહ્યો ને રેખાબહેને માથું એક તરફ ઢાળી દીધું! આરવ સ્તબ્ધ બની ગયો. હવે શું કરવું એ થોડી વાર તો એને સૂઝ્યું નહીં. હોસ્પિટલમાં પણ દોડાદોડી થઈ ગઈ.

અચાનક આરવનો ડૉક્ટર આત્મા જાગી ઊઠ્યો. એને લાગ્યું કે, મમ્મીના દેહનો ઉપયોગ બીજા દર્દીઓની સેવામાં ઉપયોગમાં આવે તો ઘણું સારું.

એને તરત જ રૂમ નંબર ચારવાળા હરિકાકા યાદ આવ્યા. એ તરત રૂમ નંબર ચારમાં ગયો.

"હરિકાકા," એણે કહ્યું, "તમે કેડેવરમાં છો એટલે તમને આજે એક લિવર મળી શકે એમ છે. આપણે ટેસ્ટ કરી જોઈએ, જો એ મેચિંગ હશે, તો આજે જ તમારું ઓપરેશન થઈ જશે."

"વાહ સાહેબ," હરિકાકા બોલ્યા, "ધનભાગ્ય મારા કે મારો ઉધ્ધાર થશે !"

"એ તો હજી ટેસ્ટ થઈ જાય પછી ખબર પડશે," આરવ ઊભો થતાં બોલ્યો, "પણ તમે તૈયાર રહેજો. હમણાં માણસ આવીને તમારા એચ.એલ.એ. ટેસ્ટ માટેની કાર્યવાહી કરશે."

થોડી વારે માણસ આવીને ટેસ્ટની કાર્યવાહી કરી ગયો. અડધા કલાક પછી રિપોર્ટ આવ્યો - લિવર મેચિંગ છે!

આરવ તરત જ હરિકાકાના રૂમમાં આવ્યો.

"હરિકાકા," આરવે કહ્યું, "લગભગ કલાક પછી તમારું ઓપરેશન થશે. તમને વાંધો નથી ને?"

"ઓપરેશન જોખમી છે સાહેબ?" હરિકાકાએ પૂછ્યું.

"જોખમી તો ન કહેવાય," આરવે કહ્યું, "પણ ઓપરેશન એ ઓપરેશન છે."

"ડૉક્ટરસાહેબ," હરિકાકાએ ધીમેથી કહ્યું, "તમારી પાસે દસેક મિનિટનો સમય છે અત્યારે?"

"કેમ?" આરવે આશ્ચર્યથી પૂછ્યું, "કૈં કામ હતું મારું?"

"હા," હરિકાકા બોલ્યા, "ખાસ કામ છે."

"બોલો," આરવ બોલ્યો, "હું સાંભળું છું."

"સાહેબ," હરિકાકા બોલ્યા, "ઓપરેશન છે અને હું કદાચ બચ્યું કે ના બચ્યું, પણ એક વાત એવી છે, જેનો બોજ લઈને હું ઉપર જવા માગતો નથી. મેં આજ સુધી આ વાત કોઈને નથી કરી, પણ તમને કરું છું."

"પણ તમારા ઘરનાને બોલાવીને વાત કરો ને કાકા?" આરવે કહ્યું. "મારું આ દુનિયામાં કોઈ નથી સાહેબ," હરિકાકા બોલ્યા, "કોને કહું? એક હતી મારી જિંદગીમાં પણ એ મને મળી નહીં!" આરવ હરિકાકા સામે જોઈ જ રહ્યો.

"સાહેબ," હરિકાકા બોલ્યા, "વરસો પહેલાં એક છોકરી સાથે મારે પ્રેમ થયેલો. એ પછી અમે પરણવાના સોગંદ લીધેલા. કમનસીબે મારે મુંબઈ ધંધો સંભાળવા જવું પડ્યું ને છ મહિને હું એ છોકરી સાથે લગ્ન કરવા ગામમાં પાછો આવ્યો ત્યારે ખબર પડી કે, એ તો ઘર છોડીને ક્યાંક ચાલી ગઈ છે! મેં એના માટે થઈને આટલી ઉંમરે પણ લગ્ન નથી કર્યા, કે નથી હું ગામમાં પાછો ગયો. હા, મહિને બે મહિને હું તપાસ કરાવતો હતો કે એ છોકરી પાછી આવી કે નહીં પણ એ પાછી આવી જ નહોતી ! હું મુંબઈમાં ખૂબ કમાણો છું."

હરિકાકાએ એક ફાઈલ આરવ તરફ ધરી.

"આમાં મારા મુંબઈના બંગલાનો દસ્તાવેજ છે ને મેં સહી કરીને આ હોસ્પિટલને એ બંગલો આપવાનું લખ્યું છે. એની સાથે પચાસ લાખ રૂપિયાનો ચેક પણ આ હોસ્પિટલ માટે લખીને આમાં મૂક્યો છે. મને કૈં થાય, તો એનો ઉપયોગ સારા કામ માટે કરજો."

"ચિંતા ન કરો કાકા," આરવે કહ્યું, "પણ, તમારું ગામ તો તમે કહ્યું જ નહીં."

"મારું ગામ બાવળા," કાકાએ કહ્યું ને આરવ સ્તબ્ધ બની ગયો.

"કાકા," આરવે પૂછ્યું, "એ છોકરીનું નામ શું હતું?"

"એનું નામ રેખા ધરમશીભાઈ પટેલ હતું." હરિકાકાએ કહ્યું, ને સિમેન્ટ કોંક્રિટનો ગઠ્ઠો માથા પર પડ્યો હોય એમ આરવ સ્તબ્ધ બની ગયો.

"તમને જે લિવર મળ્યું છે," આરવે ઊભા થતાં કહ્યું, "એ તમારી રેખાનું જ છે, એ મારી મમ્મી છે. આબુમાં તમે બન્નેએ જે બીજ રોપેલું, એનો ઊગેલો છોડ એ હું, તમારો દીકરો આરવ!"

હવે સ્તબ્ધ થવાનો વારો હરિકાકાનો હતો! હોસ્પિટલની બહાર વરસાદ વરસતો હતો ને રૂમમાં હરિકાકાની આંખ રેખાની યાદમાં ભીંજાતી હતી!

(શીર્ષકપંક્તિ: દીપલ ઉપાધ્યાય. સ્મરણ - ડૉ.જિતેશ રાવલ, નીલમબેન કારિયા દોશી)